MARINE NATIONAL PARK JAMNAGAR
મરીન નેશનલ પાર્ક
જામનગર

# પરવાળાનાં પંથે

વર્ષ-૩, અંક-૧, જાન્યુઆરી - માર્ચ, ૨૦૧૩

**માર્ગદર્શન :**

**શ્રી આર. ડી. કમ્બોજ (ભા.વ.સે.),**

મુખ્ય વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર.

**સંપાદન :**

**શ્રી એમ.એમ.ભાલોડી,**

નાયબ વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર

**સંકલન :**

ચેતન સોજીત્રા, સોશ્યલ સાયન્ટિસ્ટ,મનેપા, જામનગર

સોનલ વર્ણાગર, સોશ્યલ સાયન્ટિસ્ટ,મનેપા, જામનગર

**ટાઈપીંગ :**

હિરેન જોષી, ડેટા એન્ટ્રી ઓપરેટર, મનેપા, જામનગર

**સંપાદકની કલમે....**

પ્રિય મિત્રો,

પરવાળાનાં પંથેનો ચાલુ વર્ષનો પ્રથમ અંક આપના હાથમાં મુકતા આનંદ અનુભવુ છું. આજના આધુનિક યુગમાં લોકોની રહેણી કરણી, ઔધોગિકરણ, વસ્તી વધારો અને આધુનિક સાધનોનો મહત્તમ ઉપયોગ વગેરેને કારણે દિન પ્રતિદિન વાતાવરણમાં ફેરફાર જોવા મળે છે. હાલ તાપમાનમાં વધારો એ આજની નવી સમસ્યા છે. દરિયાની સપાટીમાં ફેરફાર એ પણ વૈશ્વિક તાપમાનમાં ફેરફારનું કારણ છે. આ સમસ્યાઓ સામે રક્ષણ મેળવવા જો આપણે ચેરના વૃક્ષોનું સંરક્ષણ અને સંવર્ધન કરીશું તો આ તાપમાનમાં થયેલ ફેરફારને મહદ્ અંશે ઘટાડી શકાશે. જે માટે ચેરનાં સંરક્ષણ અને સંવર્ધનમાં ભાગીદાર થઈ ભાવિ જોખમો સામે રક્ષણ મેળવવા સહકાર આપીએ.

## પ્રજાસત્તાક દિન - ૨૦૧૩ની ઉજવણી




મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા પ્રજાસતાક દિનની ઉજવણી વન સંકુલ ગંજીવાડા ખાતે કરવામાં આવેલ. જેમાં મરીન નેશનલ પાર્ક, જામનગરના મુખ્ય વન સંરક્ષકશ્રી, આર.ડી.કમ્બોજ, ભા.વ.સે. એ રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપેલ. આ કાર્યક્રમમાં મરીન નેશનલ પાર્ક, જામનગર વન વિભાગના અને સામાજીક વનીકરણ વિભાગના કર્મચારીઓએ હાજરી આપેલ હતી. પ્રજાસત્તાક દિન ઉજવણીની સાથો સાથ દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યના ક્ષેત્રિય કર્મચારી શ્રી એ.જી.કણજારીયા, સર્વેયર, શ્રી કે.પી.જાડેજા, ફોરેસ્ટર અને શ્રી જે.ટી.જાડેજા, ફો. ગાર્ડને વિશિષ્ટ ક્ષેત્રિય કામગીરી બદલ પ્રોત્સાહક ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા.

જામનગર જિલ્લા કક્ષાની ઉજવણી પોલીસ હેડકવાર્ટર, જામનગર ખાતે રાજયકક્ષાના માન. મંત્રીશ્રી પ્રો. વસુબેન ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. જેમાં વિવિધ ખાતા દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીની ઝાંખી, ટેબ્લોના માધ્યમથી લોકો સુધી પહોંચે તે માટે મરીન નેશનલ પાર્ક, જામનગરની અલભ્ય

દરિયાઈ જીવસૃષ્ટિની ઝાંખી અને તેના મહત્વ વિશેનો સંદેશ આ ટેબ્લોના માધ્યમથી માર્ચ પાસ્ટ દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવેલ.

## પ્રાકૃતિક શિક્ષણ શિબિર



મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે નરારા, ખીજડીયા પક્ષી અભ્યારણય તથા પોશીત્રા ખાતે પ્રાકૃતિક શિક્ષણ શિબિરો યોજવામાં આવેલ હતી. જેમાં નરારા અને પોશીત્રામાં તા. ૭/૧૨/૨૦૧૨ થી શિક્ષણ શિબિરોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ખીજડીયા પક્ષી અભ્યારણ્યમાં તા. ૫/૧૨/૨૦૧૨ થી શુભ શરૂઆત કરવામાં આવી હતી. ઉપરોકત ત્રણેય જગ્યાએથી વિધાર્થીઓને પ્રકૃતિના દર્શન કરવાનો મોકો મળેલ. દરિયાઈ જીવસૃષ્ટિ તથા મહેમાન પક્ષીઓ વિશે જ્ઞાન પ્રાપ્ત કરવાની સાથે-સાથે વિદ્યાર્થીઓને પ્રકૃતિના સાનિધ્યમાં રહેવાનો અને તેમની અગત્યતાને જાણવા તથા માણવાનો લ્હાવો મળે છે.

પ્રાકૃતિક શિક્ષણ શિબિરો બહોળી જૈવિક વિવિધતાને કારણે પ્રકૃતિના વિવિધ પાસાઓ વિશે શીખવવાના આદર્શ સ્થળ બની રહે છે. વિદ્યાર્થીઓને શિક્ષણ શિબિરો દ્વારા પર્યાવરણ સાથે જોડી શકાય. આજના સમય પ્રમાણે શહેરીકરણ, ઔદ્યોગિકરણ તથા માનવ વસ્તીમાં થઈ રહેલા વ્યાપક વધારાએ વનોનો વ્યાપ ઘટાડયો છે. જેના લીધે આજે વન્યજીવ સૃષ્ટિ, પક્ષીઓ તથા દરિયાઈ જીવસૃષ્ટિને નુકશાન થઈ રહ્યું છે. એવામાં વિદ્યાર્થીઓને આવી શિબિરો દ્વારા ગમ્મત સાથે જ્ઞાન આપવું ખુબ જરૂરી બન્યું છે. આવી શિબિરો દ્વારા તેમાં જાગૃતિ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

આમ, મરીન નેશનલ પાર્ક, દ્વારા ચાલતી પ્રાકૃતિક શિક્ષણ શિબિરો બાળકોમાં પ્રકૃતિ પ્રેમ જગાવે છે. ચાલુ વર્ષે ત્રણેય જગ્યાએ મળીને કુલ ૧૬૬ શિબિરો યોજાઈ ગઈ. જેમાં લગભગ ૮૩૦૦ બાળકો તથા ૩૩૨ જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો.

## સિવણ વર્ગના શુભારંભ

મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ રસૂલનગર ગામે તારીખ ૨૮/૧૨/૨૦૧૨ ના રોજ સિવણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રસૂલનગરની બહેનોના જણાવ્યા પ્રમાણે તેઓની પાસે ઘરકામના સમય પછી નવરાશનો ઘણો બધો સમય હોય છે. એ સમય દરમ્યાન તેઓને કાંઈ એવી તાલીમ આપવામાં આવે કે જેથી તેઓ પોતે પણ કોઈ કામ કરીને ઘરમાં આર્થિક રીતે મદદરૂપ થઈ શકે. તેઓની આ માંગણીને ધ્યાને લઈ તેઓના વિનામુલ્યે સિવણ વર્ગ શરૂ કરવામાં આવ્યા. જેનો સમયગાળો ત્રણ મહિનાનો રાખવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં મરીન નેશનલ પાર્ક, જામનગરના નાયબ વન સંરક્ષકશ્રી, એમ.એમ.ભાલોડી, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી આર.જી.કનેરીયા, આઈ.સી.ઝેડ.એમ.માં કાર્યરત શ્રી ચેતન સોજીત્રા, શ્રીમતી સોનલ વર્ણાગર, શ્રી પ્રણવ સવાસળીયા, ફો. ગાર્ડ, જી.ઈ.સી.ના વર્ષાબેન પરમાર, ઈ.ડી.સી. પ્રમુખ સભ્યો તથા ગ્રામજનોએ હાજરી આપેલ હતી.

કાર્યક્રમને શાબ્દિક ઉદ્‌બોધન આપતા શ્રી એમ.એમ.ભાલોડી સાહેબે બહેનોને આર્થિક રીતે પગભર થવા માટે જણાવ્યું હતું તથા બહેનોને આ સિવણવર્ગના વધુમાં વધુ લાભ લેવા જણાવ્યું હતું. વધુમાં ગામ લોકોને પર્યાવરણ અને દરિયાકાંઠાના રક્ષણ કાર્ય તથા ચેર જંગલોથી ગામને થતા ફાયદાઓ વિશે જણાવ્યું હતું.

## એમ્બ્રોઈડરી તાલીમ વર્ગ

તા. ૨૯/૧૨/૨૦૧૨ નાં રોજ મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા અમલીકૃત દરિયાકાંઠા વિસ્તારમાં સ્થાપવામાં આવેલ ઈકો ડેવલોપમેન્ટ કમિટિ સિંગચમાં સામાજીક અને આર્થિક વિકાસના ધ્યેયને મજબુત બનાવવા માટે એમ્બ્રોઈડરી તાલિમ વર્ગની શરૂઆત કરવામાં આવી. જેમાં રે.ફો.ઓ. શ્રી આર. જી. કનેરીયા, શ્રી ચેતન સોજીત્રા, સોશ્યલ સાયન્ટીસ્ટ, શ્રીમતી



સોનલ વર્ણાગર, સોશ્યલ સાયન્ટીસ્ટ, શ્રી હુસેનભાઈ ગાદ, ફો. ગાર્ડ, જી.ઈ.સી. ના કોમ્યુનીટી મોબીલાઈઝર શ્રી ચંદ્રિકાબેન મકવાણા, ઈકો ડેવલોપમેન્ટ કમીટીનાં સભ્યો વગેરેએ હાજરી આપેલ હતી.

સિંગચ ગામમાં રબારી જ્ઞાતિનું પ્રમાણ વધારે છે. આ જ્ઞાતિની દિકરીઓ સાસરે જાય છે ત્યારે કરિયાવરમાં ૭૦ થી ૮૦ હજારની એમ્બ્રોઈડરી વર્કવાળી જુદી જુદી વસ્તુઓ લઈ જાય છે. આથી બહેનોએ માંગણી કરેલ કે જો અમને એમ્બ્રોડરીની તાલીમ આપવામાં આવે તો અમે અમારું કામ જાતે કરીને આ બચત કરી શકીએ. આમ, બહેનોની માંગણીને ધ્યાને લઈને એમ્બ્રોડરીના વર્ગોની શરૂઆત કરવામાં આવી. જેમાં કુલ ૨૦ બહેનોને ત્રણ મહિના સુધી વિના મુલ્યે તાલીમ આપવામાં આવશે.

## કલા અને પર્યાવરણ




જામનગરના દરિયાકાંઠામાં દરિયાઈ સંપતિ, દરિયાઈ જીવસૃષ્ટિની આગવી ઓળખને યાદ કરવા અને તેના સંરક્ષણ માટે ગુજરાત ઈકોલોજી કમીશન ગાંધીનગર, મરીન નેશનલ પાર્ક, જામનગર અને જામનગર મહાનગરપાલિકાના સયુંકત ઉપક્રમે તા. ૪/૧/૨૦૧૩ થી તા. ૮/૧/૨૦૧૩ સુધી ભારતના ખ્યાતનામ ચિત્રકારો દ્વારા 'અ ફ્યુઝન ઓફ આર્ટ એન્ડ એન્વાયરમેન્ટ' વિષય પર વર્કશોપ રાખવામાં આવેલ, જેમાં કેનવાસ પર કંડારેલ ચિત્રોનું ચિત્રપ્રદર્શન, કલા અને પર્યાવરણ પર ચિત્રકામ અને આ અંગે જરૂર ચર્ચાઓ જેવા કાર્યક્રમો ઓશવાળ સેન્ટર, જામનગર ખાતે કરવામાં આવેલ.

આ કાર્યક્રમ તા.૪/૧/૨૦૧૩ ના ૧૦.૦૦ વાગ્યે માન. મેયર શ્રી અમીબેન પરીખ, મુખ્ય વન સંરક્ષકશ્રી આર.ડી.કમ્બોજ, મ્યુનિ. કમિશ્નરશ્રી અનુપમ વગેરેની હાજરીમાં યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં દેશના ૨૫ થી વધુ નામાંકિત ચિત્રકારોએ ભાગ લીધો હતો. આ સાથે દરિયાઈ જીવસૃષ્ટિ વિશેના ચિત્રોનું પ્રદર્શન તથા ચિત્રકારો દ્વારા કેનવાસ પર કંડારેલ ચિત્રોનું પણ પ્રદર્શન તા. ૫/૧/૨૦૧૩ થી તા. ૮/૧/૨૦૧૩ દરમ્યાન સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી સ્થાનિક લોકો માટે ખુલ્લુ રાખવામાં આવેલ. આ દરમ્યાન દેશના ખ્યાતનામ ચિત્રકારો દ્વારા મરીન નેશનલ પાર્કના જુદા જુદા અવિસ્મરણીય સ્થળોની મુલાકાત લઈ સ્થળ પર કલા અને પર્યાવરણની ઝાંખી કરવામાં આવેલ. આ સેમીનાર દરમ્યાન તા.૭/૧/૨૦૧૩ ના રોજ જામનગર શહેરની ૧૧૦ થી વધુ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ આ કલા અને પર્યાવરણની ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ દરિયાઈ જીવસૃષ્ટિ અને પર્યાવરણ વિશે રસ દાખવ્યો હતો.

## ટર્ટલ એકશન ગ્રુપ (TAG) વાર્ષિક કાર્યશાળા



ટર્ટલ એકશન ગ્રુપ, મરીન નેશનલ પાર્ક, જામનગર અને પ્રકૃતિ નેચર કલબ કોડીનારના સયુંકત ઉપક્રમે તા.૧૨/૦૧/૨૦૧૩ તથા તા.૧૩/૦૧/૨૦૧૩ના રોજ હોટલ ફોર્ચ્યુન પેલેસ, જામનગર ખાતે પાંચમી વાર્ષિક ટર્ટલ એકશન ગ્રુપ કાર્યશાળા યોજવામાં આવેલ.

આ કાર્યશાળાની શરૂઆત શ્રી આર.ડી.કમ્બોજ મુખ્ય વન સંરક્ષક મરીન નેશનલ પાર્ક, જામનગર અને મહાનુભવો દ્વારા દીપ પ્રાગટય કરી કરવામાં આવેલ. આ કાર્યશાળામાં વન વિભાગના ૩૮ કર્મચારીઓ, પ્રકૃતિ નેચર કલબના ૯ સભ્યો, દક્ષિણ ફાઉન્ડેશનના સભ્યો, ગ્રીન લાઈફ, વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓરિસ્સા, ટર્ટલ એકશન ગ્રુપના ૩૦ સભ્યોએ ભાગ લીધેલ હતો. કાર્યશાળામાં આ ક્ષેત્ર સાથે સંકળાયેલ કર્મચારીઓ, સ્વયંસેવકો, સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ સંરક્ષણની કામગીરી વધુ દઢ અને ઘનિષ્ટ બનાવવા માટે તેમજ આ કામગીરી વૈજ્ઞાનિક ઢબથી થાય તે માટે આ કાર્યશાળા યોજવામાં આવેલ. કાર્યશાળામાં જુદા જુદા ક્ષેત્રોમાં કરવામાં આવતી કામગીરીના વિષય નિષ્ણાતો દ્વારા પોતાના ક્ષેત્રમાં આ કામગીરી કેવી રીતે કરવામાં આવે છે, તેની માહિતીની આપ-લે કરવામાં આવી. જેમાં મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા કાચબા ઉછેરની કામગીરી થઈ રહી છે તેની માહિતી શ્રી આર.ડી.કમ્બોજ, ભા.વ.સે. દ્વારા આપવામાં આવેલ. ત્યાર બાદ સી.એસ.કાર દ્વારા ઓરિસ્સામાં આ કામગીરી કઈ પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે તેની માહિતી આપવામાં આવેલ. કાર્યશાળાના બીજા દિવસે ડો. એસ.એફ. વેસલી દ્વારા જી.આઈ.એસ. આધારીત માહિતી કઈ રીતે રાખી શકાય તે જણાવવામાં આવેલ. ત્યાર બાદ સતીષ બાસ્કર અને કાર્તિક શંકર દ્વારા કાચબાના જીવન ચરિત્રની ઓળખ આપી લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં શ્રી કાર્તિક શંકર દ્વારા આભાર વિધિ કરી કાર્યશાળા પુર્ણ કરવામાં આવેલ.

## શ્રી એસ.કે.ગોયલ, આઈ.એફ.એસ., અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજયની જામનગર ખાતે મુલાકાત





તા. ૦૧/૦૨/૨૦૧૩ થી તા. ૦૪/૦૨/૨૦૧૩ સુધી શ્રી એસ. કે.ગોયલ, આઈ.એફ.એસ., અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા મરીન નેશનલ પાર્ક, જામનગરની મુલાકાત લીધેલ. તેઓશ્રીએ મરીન નેશનલ પાર્ક, જામનગરના સિકકા રેન્જ હેઠળ કંડલા પોર્ટ ટ્રસ્ટ પાસેની દરગાહ સામેના વિસ્તારમાં કરવામાં આવેલ ચેર વાવેતર કામગીરીનું નિરીક્ષણ કરેલ. સાથોસાથ નરારા ખાતે દરિયાઈ જીવસૃષ્ટિ, પરવાળાની અલભ્ય વસાહતો નિહાળેલ. ત્યાર બાદ જામનગરની આસપાસ આવેલ ઈન્ડસ્ટ્રીઝ તેમજ એસ્સાર ઈન્ડસ્ટ્રીઝની જેટીની મુલાકાત લેવામાં આવેલ. આ મુલાકાત દરમ્યાન દ્વારકાના ઓખામઢી ખાતે હાલ નવ નિર્માણ પામેલ કાચબા ઉછેર કેન્દ્રની પણ મુલાકાત લીધેલ.

## વિશ્વ જલપ્લાવિત દિવસની ઉજવણી



વિશ્વ જલપ્લાવિત દિવસ દર વર્ષે ફેબ્રુઆરી માસની બીજી તારીખે ઉજવવામાં આવે છે. સને ઈ.સ. ૧૯૭૧માં ઈરાન ખાતેના રામસર શહેરમાં વિશ્વભરમાંથી લોકો એકત્ર થઈ જલપ્લાવિત વિસ્તારોના સંરક્ષણ માટે પ્રતિબધ્ધતા દર્શાવી આ બાબતે સંગઠીત થઈ વિશ્વભરમાં આવેલ જલપ્લાવિત વિસ્તારો માટે જાગૃતિ લાવવાનું નકકી કરવામાં આવેલ. નોંધપાત્ર જલપ્લાવિત વિસ્તારોની અંદર સરોવર, તળાવ, કડણભુમિ, દરિયાકાંઠાના

છીછરા વિસ્તારો વગેરેનો સમાવેશ થાય છે. જલપ્લાવિત વિસ્તારો તેમની વિશિષ્ટતા જેવી કે, ઉચ્ચ પોષક દ્રવ્યોની ઉપલબ્ધતા, અનેક વિવિધ પ્રકારના નિવાસ સ્થાનો વગેરેના પરિણામે બહોળા પ્રમાણમાં જૈવિક વિવિધતાને પોષે છે. જામનગર જીલ્લાના દરિયા કિનારે આવેલ મરીન નેશનલ પાર્ક એ કાંઠા વિસ્તારના જલપ્લાવિત વિસ્તારનું એક ઉમદા ઉદાહરણ છે. આ જલપ્લાવિત વિસ્તારો અનેક પ્રકારના પક્ષીઓ, માછલીઓ, કરચલા અને અન્ય દરિયાઈ જીવસૃષ્ટિને અનુકૂળ આશ્રય પુરો પાડે છે અને આ વિસ્તારની જૈવ ઉત્પાદકતામાં મહત્વ પૂર્ણ ભાગ ભજવે છે.

મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા વિશ્વ જલપ્લાવિત દિવસની ઉજવણી જામનગર તાલુકાના સરમત ગામે કરવામાં આવી હતી. જેમાં મરીન બાયોલોજીસ્ટ ડો. ચંદ્રેશ દવે, સોશ્યલ સાયન્ટીસ્ટ શ્રી ચેતન સોજીત્રા, સોનલબેન વર્ણાગર તેમજ જી.ઈ.સી.ના સુશ્રી વર્ષાબેન પરમાર, જસ્મીતાબેન પટેલ, ઈકો ડેવલોપમેન્ટ કમિટિના પ્રમુખશ્રી ભીમસિંહ વાઘેલા, સમિતિના સભ્યો, સ્કુલના વિદ્યાર્થીઓ અને સર્વે ગ્રામજનો આ કાર્યક્રમમાં હાજર રહયા હતા. કાર્યક્રમની શરૂઆત સ્વાગત પ્રવચન દ્વારા કરવામાં આવેલ. ત્યાર બાદ શ્રી ચેતન સોજીત્રા દ્વારા ''સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન યોજના'' ની માહિતી આપવામાં આવેલ તેમજ ચેરના ફાયદા વિશે લોકોને માહિતગાર કર્યા હતા. ત્યાર બાદ ગુજરાત ઈકોલોજી કમીશનના વર્ષાબેન પરમાર દ્વારા યોજના અંતર્ગત રચવામાં આવેલ સ્વસહાય જુથ વિશે માહિતી આપવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં મરીન બાયોલોજીસ્ટ ડો. ચંદ્રેશ દ્વારા વિશ્વ જલપ્લાવિત દિવસની ઉજવણી શા માટે કરવામાં આવે છે ? અને જલપ્લાવિત વિસ્તારોની ઓળખ કરાવી લોકોને માહિતગાર કરવામાં આવેલ.

## વિના મુલ્યે પશુ નિદાન કેમ્પ - ગાગા



તા. ૧૨/૦૨/૨૦૧૩નાં રોજ મરીન નેશનલ પાર્ક, જામનગરના ભાટીયા રેન્જના ગાગા ગામમાં રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, એન.એન.જોશી, નાયબ પશુપાલક નિયામક ડૉ. એન. ટી.કાસુન્દ્રા, ડૉ. એ.સી.વિરાણી, ડૉ.આર.એન.સોલંકી, ડૉ.આર.એમ.મેરજા, ફોરેસ્ટર શ્રી ડી.એન.મારુ, ફો.ગાર્ડ શ્રી એલ.બી.ધુચલા વગેરેની હાજરીમાં પશુ માટે વિના મુલ્યે રસીકરણ તથા સારવાર શિબિર યોજાયેલ હતી. જેમાં પશુઓના રસીકરણ, ઓપરેશન, ગાયનેક, ખસીકરણ, કૃત્રિમ બીજદાન, બીમાર પશુઓની સારવાર વગેરે કરવામાં આવેલ. આ શિબિરમાં ગાગા ગામનાં પશુપાલકોના પશુઓને સર્જરી, રસીકરણ, ગાયનેક, મેડીસીન, કૃત્રિમ બીજદાન, ખસીકરણ તથા કૃમિનાશક દવાઓ વિના મુલ્યે અપાયેલ હતી. આ શિબિરમાં કુલ ૧૦૦ થી વધુ પશુઓને લાભ આપવામાં આવ્યો હતો.

## દરિયાકાંઠા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન





મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા ગુજરાત મરીન નેશનલ પાર્ક અને સેનચ્યુરી કન્ઝર્વેશન સોસાયટી અંતર્ગત તા.૧૮/૦૨/ ૨૦૧૩ થી તા.૨૩/૦૨/૨૦૧૩ સુધી મરીન નેશનલ પાર્ક ને

લગતા દરિયાકાંઠા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ. આ અભિયાન દ્વારા દરિયાકાંઠા પર મુખ્યત્વે પ્લાસ્ટીક અને નોન બાયોડીગ્રેડેબલ ચીજોનું એકત્રીકરણ કરવામાં આવેલ અને આ ઘન કચરાનો યોગ્ય પધ્ધતિ દ્વારા નિકાલ કરવામાં આવેલ. આ અભિયાન અંતર્ગત જામનગરના પિરોટન ટાપુ, નરારા ટાપુ, બાલાચડી, પોશીત્રા અને કાળુભાર ટાપુ વગેરે સ્થળોના દરિયાકાંઠાને ઘન કચરાથી મુકત કરવાનું આયોજન કરવામાં આવેલ. આ અભિયાન થકી લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે અને ઘન કચરાનો જવાબદારીપૂર્વક નિકાલ કરી આપણી આસપાસના કુદરતી સૌંદર્યને બગડતું અટકાવવા અંગે સંવેદના જાગે તે મુખ્ય આશય રહેલ છે. વધુમાં આ પ્રકારેના અભિયાન દ્વારા દરિયાઈ વન્યજીવો જેવા કે, દરિયાઈ કાચબા, ડુગોંગ, પરવાળા વગેરેને નુકશાનકારક માનવસર્જિત કચરાને દુર કરવાનો પ્રયત્ન છે. તે માટે સ્થાનિક લોકો, સંસ્થાઓ, શાળાઓ, સ્કુલો, કોલેજોના વિદ્યાર્થીઓને આ ઉમદા કાર્યમાં ભાગીદાર બનાવવામાં આવ્યા હતા.

આ સ્વચ્છતા અભિયાનમાં મરીન નેશનલ પાર્ક, જામનગરના મુખ્ય વન સંરક્ષકશ્રી, આર.ડી.કમ્બોજ, નાયબ વન સંરક્ષકશ્રીઓ, એમ.એમ.ભાલોડી, શ્રી સી.કે.ઠકકર અને શ્રી એસ.એમ.પરમાર, મદદનીશ વન સંરક્ષકશ્રી, બી.એચ. દવે તથા તમામ રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી મ.ને.પા., સ્થાનિક સ્કુલના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ, ઈકો ડેવલોપમેન્ટ કમિટિના સભ્યો અને સ્થાનિક સંસ્થાઓએ આ અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. આ અભિયાન દરમ્યાન પિરોટન ખાતેથી આશરે ૧૫૦૦ કિ.ગ્રા.,નરારા ખાતે ૮૦૦ કિ.ગ્રા., પોશીત્રા ખાતેથી ૮૦૦ કિ.ગ્રા. જયારે બાલાચડી ખાતેથી ૧૦૦૦ કિ.ગ્રા. ઘન કચરો એકઠો કરવામાં આવેલ. જેનો કાયદેસર નિકાલ કરવામાં આવેલ.

## કચ્છ ભુજ ખાતે પ્રેરણા પ્રવાસ

મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા ''સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન યોજના'' અંતર્ગત તા. ૨૩/૦૨/૨૦૧૩ ના બે દિવસીય પ્રેરણા પ્રવાસનું કચ્છ-ભુજ ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં મરીન નેશનલ પાર્કના આઈ.સી.ઝેડ.એમ. યોજના સાથે સંકળાયેલ સ્ટાફ, વિવિધ ઈકો ડેવલોપમેન્ટ કમિટિ સાથે સંકળાયેલ ક્ષેત્રિય સ્ટાફ, જુદી જુદી ઈકો ડેવલોપમેન્ટ કમિટિના પ્રમુખશ્રીઓ અને સભ્યોશ્રીઓ મળી કુલ ૪૨ પ્રવાસીઓએ પ્રેરણા પ્રવાસમાં ભાગ લીધો હતો.

આ પ્રેરણા પ્રવાસનો મુખ્ય હેતુ મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા રચવામાં આવેલ ઈકો ડેવલોપમેન્ટ કમિટિ દ્વારા જુદી જુદી સામાજીક, આર્થિક અને આજીવિકાને લગતી કરવામાં આવતી પ્રવૃતિઓ અંગે જરૂરી માર્ગદર્શન મેળવવાનો હતો. જે માટે આઈ.સી.ઝેડ.એમ. યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષથી જામનગર, રાજકોટ, કચ્છ-ભુજ, નલીયાના આસપાસના દરિયાકાંઠા વિસ્તારમાં આવી સામાજીક અને પર્યાવરણીય સંબંધીત વિકાસની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. જામનગર જિલ્લાના લગભગ ૫૪ ગામોમાં અને કચ્છ-ભુજ, નલીયાના લગભગ ૧૦૦ ગામોમાં વિવિધ પ્રવૃતિઓ આ યોજના અંતર્ગત થઈ રહી છે. જેમાં આયોજનથી લઈને અમલીકરણ સુધી ગામલોકોની સહભાગીદારી હોય છે. જેમાં કોઈપણ કાર્યની શરૂઆત કરવાની હોય તો તેમાં ગામસ્તરે રચવામાં આવેલ ઈકો ડેવલોપમેન્ટ કમિટિનાં સભ્યો ભેગા મળીને કાર્યનું આયોજન કરતા હોય છે. જેમાં હિસાબી અને ટેકનીકલ માહિતી પણ આ કાર્યમાં સંકળાયેલ લોકો રાખતા હોય છે. જે માટે લોકોને આ બાબતે તાલીમ પણ આપવામાં આવતી હોય છે. પણ ગામલોકો જે કાર્ય કરે છે તે કાર્ય અન્ય લોકો પણ કરતાં હોય છે. તેમા મહદ્ અંશે સમાનતા હોય છે અને મહદ્ અંશે કામગીરીને અલગ અને અનોખા સ્વરૂપ આપી કાર્ય કરતા હોય છે. આવા વખતે ઘણા ગામો સફળ થયા હોય છે, તો અમુક ગામો કોઈ કારણોસર અસફળ રહ્યા હોય છે. આ સમયે જો ગામલોકોને જે ગામો સફળ થયા છે તેની મુલાકાત કરાવવામાં આવે તો ગામલોકોને તેની કાર્ય પધ્ધતિ વિશે ખ્યાલ આવે છે અને કાર્યને સફળ બનાવવાની ઉત્સાહ સહ પ્રેરણા મળે છે. જે ઉદ્દેશને ધ્યાને લઈ જે ગામોમાં સફળ અને લોકભાગીદારીથી કામો થાય છે, જે પોતાનાં સહીયારા પ્રયાસથી આગળ વધી રહ્યા છે અને જેનો લાભ ગામને મળી રહ્યો છે, તેવા સફળ ગામોને જોવા, જાણવા અને સમજવા માટે પ્રેરણા પ્રવાસ કરવામાં આવેલ.

પ્રેરણા પ્રવાસની શુભ શરૂઆત સ્વામિનારાયણ ભગવાનના દર્શનથી કરવામાં આવી હતી. ત્યાર બાદ ભુજ ખાતે આવેલ

એસ.ઓ.એસ. (Save our soul) સંસ્થાની મુલાકાત કરવામાં આવી હતી. જ્યાં બધા પ્રવાસીઓને સંસ્થા દ્વારા કરવામાં આવતી અનાથ બાળકોને લગતી પ્રવૃત્તિ અને સમાજીક પ્રવૃતિ વિશે શ્રી મિતેશભાઈ પંચાલે માહિતગાર કર્યા હતા. બપોર બાદ પ્રવાસીઓને વન્યપ્રાણી, વન્યજીવ અને અભયારણ્ય વિશે પ્રાકૃતિક શિક્ષણ મળી રહે તે માટે કચ્છ વન્ય પ્રાણી અભયારણ્ય, કાળાડુંગરની મુલાકાત કરાવવામાં આવેલ, ત્યાર બાદ નારાયણ સરોવર ખાતે રાત્રી રોકાણ કરવામાં આવેલ.

પ્રેરણા પ્રવાસના બીજા દિવસે કચ્છ-ભુજ પશ્ચિમ વિસ્તારના નારાયણ સરોવર રેન્જના લક્કી વિસ્તારની મુલાકાત લીધેલ, જયાં ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવેલ ચેર વાવેતરની કામગીરીની મુલાકાત કરાવવામાં આવેલ. પ્રવાસીઓને ફિશ બોન પધ્ધતિથી કરવામાં આવેલ ચેર વાવેતરવાળા વિસ્તારની મુલાકાત કરાવવામાં આવેલ તથા તે અંગે જરૂરી માર્ગદર્શન શ્રી કાસમભાઈ ફો.ગાર્ડ દ્વારા આપવામાં આવેલ. ત્યાર બાદ ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર દ્વારા આઈ.સી.ઝેડ.એમ. યોજના અંતર્ગત રચવામાં આવેલ લકકી દરિયાકાંઠા વિસ્તાર સમિતિની મુલાકાત લીધેલ. જયાં જી.ઈ.સી.ના પ્રોજેકટ કો-ઓર્ડીનેટર શ્રી કમલેશભાઈ દવે, પ્રદિપ પટેલ, ધારા મહેતા, સમિતિના પ્રમુખશ્રી જત ખજીયતભાઈ મામદે પ્રવાસીઓ સાથે મીટીગ કરી માહિતીની આપ-લે કરેલ હતી. ત્યારબાદ સમિતિ દ્વારા કરવામાં આવેલ એન્ટ્રી પોઈન્ટની કામગીરીમાં પાણીના કુવાની મુલાકાત લીધેલ. જયાં આ કામગીરીમાં આયોજનથી અમલીકરણ સુધી લોકોની ભાગીદારી કેવી રહી તે વિશે માહિતી મેળવવામાં આવેલ.



બપોર બાદ બધા પ્રવાસીઓએ જી.ઈ.સી. દ્વારા રચવામાં આવેલ ગુંગરીયા દરિયાકાંઠા વિસ્તાર સમિતિની મુલાકાત લીધેલ. ત્યાં જી.ઈ.સી. સ્ટાફ, સમિતિના પ્રમુખશ્રી જત હસણભાઈ, સમિતિના સભ્યો એન ગામજનો સાથે મુલાકાત કરી માહિતીની આપ-લે કરી એન્ટ્રી પોઈન્ટની એકટીવીટી જોયા બાદ ત્યાંથી વિદાય થયા હતા. પ્રવાસના અંત ભાગમાં અંજાર ખાતે જેસલ-તોરલની સમાધિના દર્શન કરી જામનગર તરફ રવાના થયા. પ્રવાસ દરમ્યિાન ખુબ જ આનંદ, ઉત્સાહ અને જુદી જુદી કાર્ય પધ્ધતિની જાણકારી મેળવી પ્રવાસ પુર્ણ કરવામાં આવેલ.

## કુન્નડ અને ભરાણા ગામે મહિલા કૌશલ્ય વર્ધક તાલીમ




તા.૦૧/૦૩/૨૦૧૩ના રોજ જોડીયા રેન્જ હેઠળના કુન્નડ ગામે મહિલા કૌશલ્ય વર્ધક તાલીમની શરૂઆત મરીન નેશનલ પાર્ક, જામનગરના નાયબ વન સંરક્ષકશ્રી, એમ.એમ.ભાલોડીના હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મરીન નેશનલ પાર્ક, જોડીયા રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, બી.વી.કાલરીયા, ઈકો ડેવલોપમેન્ટ કમિટિ કુન્નડના પ્રમુખશ્રી રવજીભાઈ કાલાવડીયા, સોશ્યલ સાયન્ટીસશ્રી ચેતન સોજીત્રા અને શ્રીમતી સોનલ વર્ણાગર, સભ્ય સચિવશ્રી, સી. સી. ઉમરેટીયા, ફોરેસ્ટરશ્રી એન. પી. બેલા, સહિયર મહિલા મંડળના શ્રી વર્ષાબેન પરમાર, ખેત ઉત્પાદન બજાર સમિતિ, જોડીયાના ચેરમેનશ્રી ભીખુભાઈ, ઈકો ડેવલોપમેન્ટ કમિટિના સભ્યો, તાલીમ લેનાર મહિલાઓ તેમજ ગ્રામજનોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

મહિલા કૌશલ્ય વર્ધક તાલીમ દ્વારા બહેનોને હેન્ડીક્રાફટને લગત તાલીમ આપવામાં આવેલ. જેમાં હાલ વર્તમાન સમયની માંગને ધ્યાનમાં રાખી બહેનોને વિવિધ ઉનવણાટ કામને લગત વસ્તુઓ

જેવી કે, મોજડી, રૂમાલ, તોરણ, જુલા વગેરેની તાલીમ આપી બહેનોને સ્વનિર્ભર કરવાના પ્રયત્નો કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં આવેલ અધિકારીશ્રીઓ અને મહેમાનોનું સ્વાગત પ્રવચન શ્રીમતી સોનલ વર્ણાગર દ્વારા કરવામાં આવેલ. ત્યાર બાદ શ્રી ભીખુભાઈએ બહેનોને તાલીમ અનુરૂપ પ્રવચન કરવામાં આવ્યુ. કાર્યક્રમના અધ્યક્ષ નાયબ વન સંરક્ષકશ્રી એમ.એમ. ભાલોડી દ્વારા બહેનોને તાલીમ અંગે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ અને બહેનોને આ તાલીમનો વધુને વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો. તેઓશ્રીએ વધુમાં જણાવ્યુ કે, આ તાલીમ માત્ર તાલીમ પુરતી સિમિત ન રહેતા તાલીમ બાદ બહેનો જરૂરી કામગીરી મેળવી સ્વનિર્ભર બને અને આર્થિક રીતે પગભર થાય તે માટે ભલામણ કરવામાં આવી.



તા.૦૬/૦૩/૨૦૧૩ના રોજ ખંભાળીયા રેન્જ હેઠળના ભરાણા ગામે આવી જ હેન્ડીક્રાફટની તાલીમની શરૂઆત કરવામાં આવેલ. જેમાં બહેનો પોતાના ઘરે બેસીને કામ મળી રહે તેવી તાલીમ લેવા ઈચ્છતા હતા. જેથી તેઓને ખંભાળીયાની પ્રખ્યાત ઉનની સાલમાં ભરતની કામગીરી માટે તથા વધુમાં મોજડી, જુલા વગેરેની તાલીમ આપવામાં આવી.

આ કાર્યક્રમમાં રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, એચ.એન.પરમાર, ફોરેસ્ટરશ્રી જે.એચ.યુસુફજી, સોશ્યલ સાયન્ટીસ્ટ શ્રી ચેતન સોજીત્રા, શ્રીમતી સોનલ વર્ણાગર, સહિયર મહિલા મંડળના પ્રમુખશ્રી વર્ષાબેન પરમાર, ઈકો ડેવલોપમેન્ટ કમિટિ ભરાણાના પ્રમુખ શ્રી રામસંગભાઈ તથા સમિતિના સભ્યો તથા તાલીમાર્થી બહેનો હાજર રહેલા હતા.

## સાગર ખેડુ જાગૃતિ શિબિર



તા.૦૭/૦૩/૨૦૧૩ના રોજ મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા દ્વારકા રેન્જ હેઠળ સાગર ખેડુ જાગૃતિ શિબિર કરવામાં આવેલ. આ શિબિર શ્રી આર.ડી.કમ્બોજ, ભા.વ.સે., મુખ્ય વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામગનરના ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. જેમાં શ્રી બી.એચ.દવે મદદનીશ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગર, વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયાનાં વૈજ્ઞાનીક ડો. બી.સી. ચૌધરી, રિટાયર્ડ એરફોર્સ કમાન્ડરશ્રી ત્યાગી, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, પી.ટી.શીયાણી, શ્રી એચ.એન.પરમાર, શ્રી એન.એન. જોષી, કોસ્ટ ગાર્ડના શ્રી પાટીલ, ફિશરીઝના શ્રી આકોલ, ટાટા કેમીકલ્સનાં શ્રી ગોસ્વામી, માછીમાર સમાજના આગેવાન કારાબાપુ ઈસ્માઈલભાઈ અને માછીમાર સમુદાયે હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત શ્રી પી.ટી.શીયાણી, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી મ.ને.પા., દ્વારકા દ્વારા સ્વાગત વિધિથી કરવામાં આવેલ હતી. શાબ્દિક પ્રવચન બાદ મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ શિબિરનો મુખ્ય ઉદેશ માછીમારી વ્યવસાય સાથે જોડાયેલા લોકોમાં દરિયાઈ જીવસૃષ્ટિ અંગે જાગૃતિ આવે તથા માછીમાર સમુદાયની સમસ્યા નિવારણનો હતો. ફિશરીઝ વિભાગના શ્રી આકોલ, ફિશરીઝમાં નવા આવેલ પ્રોજેકટથી સાગર ખેડુને થતા ફાયદાઓ તથા તેની મુશ્કેલીઓ નિવારણ અંગે સમજુતી આપેલ હતી. તેઓએ સેવાળ તથા અળગી વિશે ટ્રોલર ફીશીગથી થતી નુકશાની અંગે તથા અમુક પ્રકારની માછલીઓના બચ્ચાઓને મારી નાખવાથી થતા નુકશાન વિશે ઉંડાણપુર્વક માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમને આગળ વધારતા શ્રી બી.એચ.દવેએ આઈ.સી.ઝેડ. એમ.પી. અંતર્ગત થતી કામગીરી, તેનાથી થયેલા ફાયદાઓ અને



દરિયાકાંઠે થતી ગુનાહિત પ્રવૃતિઓ વિશે માહિતી આપેલ હતી. તેઓએ ચેર સંરક્ષણ અને સંવર્ધનથી માછલીના ઉત્પાદનમાં કેવી રીતે વધારો થાય છે તેની સંપૂર્ણ માહિતી આપેલ હતી. માછીમાર સમાજના આગેવાનોએ પોતાના વકતવ્યમાં જણાવેલ હતુ કે, અમે આ વિશે થોડુ જાણતા હતા પણ હવે અમે આ શિબિરના માધ્યમથી ઘણા બધા કાયદાઓ વિશે જાણકારી મેળવી છે. અણસમજને લીધે જે ભુલ કરી છે તેને સુધારવાના પ્રયત્નો કરીશુ અને આ અમુલ્ય દરિયાઈ જીવસૃષ્ટિને બચાવવાનો પ્રયત્ન કરીશુ.

બાદમાં કાર્યક્રમનાં અધ્યક્ષ શ્રી આર.ડી.કમ્બોજે માછીમારી સાથે જોડાયેલા સાગરખેડુ ભાઈઓને વન્યજીવ સંરક્ષણ અધિનિયમના શિડયુલમાં આવતી દરિયાઈ જીવસૃષ્ટિ વિશે માહિતી આપેલ. તેઓમાં કાયદાકીય જાગૃતિ આવે તે માટે વિસ્તૃત માહિતી આપેલ. વધુમાં માછીમાર ભાઈઓની ભાગીદારીથી દરિયાઈ જીવસૃષ્ટિનુ જતન તેમજ સંવર્ધન થાય તેવા પ્રયાસો ઉપર ભાર મુકવામાં આવ્યો.

રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી પી.ટી.શિયાણી દ્વારા આભાર પ્રવચન બાદ કાર્યક્રમ પુર્ણ જાહેર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી એચ.જી.ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિશ્વ વન દિવસની ઉજવણી

તા.૨૧/૦૩/૨૦૧૩ના રોજ જંગલ ખાતા દ્વારા વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવી. જે સામાજીક વનીકરણ વિભાગ, જામનગર હેઠળની જામનગર રેન્જના વીજરખી ખાતે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી આર.ડી.કમ્બોજ, મુખ્ય વન સંરક્ષક, મ.ને.પા., જામનગર, શ્રી એમ.એમ.ભાલોડી, નાયબ વન સંરક્ષક, મ.ને.પા., જામનગર, શ્રી એસ.એમ. પરમાર, નાયબ વન સંરક્ષક, જામનગર વન વિભાગ,




જામનગર, શ્રી સી.કે.ઠક્કર નાયબ વન સંરક્ષક વિસ્તરણ વિભાગ જામનગર તથા વન વિભાગ સ્ટાફ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ગ્રામજનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

આવી જ રીતે મરીન નેશનલ પાર્ક, જામનગરની વિવિધ રેન્જોમાં પણ વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં જોડીયા રેન્જના ઉટબેટ શામપર તથા જોડીયાની પ્રાથમીક શાળાઓમાં પોસ્ટર પ્રદર્શન દ્વારા વિધાર્થીઓને માહિતી આપવામાં આવેલ. ખંભાળીયા રેન્જના સલાયા તથા ખંભાળીયાની શાળાઓમાં પર્યાવરણ વિશે વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવેલ. સિક્કા રેન્જના વાડીનારની નવયુગ શાળામાં ચિત્ર સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવેલ. દ્વારકા રેન્જમાં દ્વારકા મામલતદાર કચેરીએ વૃક્ષારોપણ કરીને લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા.

## હસ્તકલા કારીગરી તાલીમ



મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા તા.૨૩/૦૩/૨૦૧૩ના રોજ વિભાપર, નવાનાગના અને જાબુંડા ખાતે મહિલા કૌશલ્ય વર્ધક તાલીમ શરૂ કરવામાં આવેલ. જેમાં હાલ વર્તમાન સમયની માંગને ધ્યાને લઈને બહેનોને વિવિધ ઉનવણાટને લગત તેમજ રેશમની દોરીની ઘર સજાવટ માટેની વિવિધ વસ્તુઓની બનાવટની તાલીમ આપી મહિલાઓને સ્વનિર્ભર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મરીન નેશનલ પાર્ક, જામનગરના શ્રી ડી.એમ. દાફડા, સભ્ય સચિવશ્રી ઈકો ડેવલોપમેન્ટ કમિટિ નવાનાગના, જાબુંડા તથા શ્રી જે.ટી. જાડેજા સભ્ય સચિવ ઈકો ડેવલોપમેન્ટ કમિટિ વિભાપર, આઈ.સી.ઝેડ.એમ. ના શ્રી ચેતન સોજીત્રા, શ્રી સોનલબેન વર્ણાગર સોશ્યલ સાયન્ટીસ્ટ, તાલીમ આપનાર ભાગ્યશ્રીબેન તથા પુજાબેન રામાણી, ઈ.ડી.સી. પ્રમુખ તથા તાલીમાર્થી બહેનોએ હાજરી આપી હતી. આ દરેક તાલીમમાં ૨૦-૨૦ બહેનોએ ભાગ લીધેલ હતો.

## એક દિવસીય શિબિર
## દરિયાઈ જૈવ વૈવિધ્યતા સંરક્ષણમાં
## માછીમાર સમુદાયની ભાગીદારી



મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા "સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન યોજના" અંતર્ગત સલાયા ખાતે એક દિવસીય શિબિર યોજવામાં આવેલ. જેમાં "દરિયાઈ જૈવ વૈવિધ્યતા સંરક્ષણમાં માછીમાર સમુદાયની ભાગીદારી" શીષર્ક હેઠળ ૩૦ માર્ચ, ૨૦૧૩નાં રોજ યોજવામાં આવેલ. આ શિબિરમાં દરિયાઈ રાષ્ટ્રીય ઉધાન સાથે સંકળાયેલ આસપાસના માછીમારભાઈઓએ આ શિબિરમાં ભાગ લીધો હતો. શિબિરનો મુખ્ય ઉદેશ મરીન નેશનલ પાર્ક વિસ્તારમાં આવેલ અલભ્ય દરિયાઈ જીવસૃષ્ટિ જેવી કે, પરવાળાના ખડકો, ચેરના જંગલો,



દરિયાઈ ઘાસના મેદાનો, ટાપુઓ, ખાડી, મીઠાના અગર, નિર્મળ અને રેતાળ સાગરતટો, વિશાળ કીચડ ભુમિ, ખડકાળ કાંઠા વગેરે દરિયાઈ જૈવ વૈવિધ્યતાથી શોભે છે. આ જૈવ વૈવિધ્યતા સંરક્ષણમાં માછીમાર સમુદાયની ભાગીદારી શુ હોય શકે તે વિષયો પર વ્યાખ્યાન દ્વારા આ સંરક્ષણ કાર્યમાં ભાગીદાર કરવામાં આવેલ.

આ કાર્યક્રમ શ્રી આર.ડી.કમ્બોજ, ભા.વ.સે., મુખ્ય વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગરની અધ્યક્ષતામાં કરવામાં આવેલ. જેમાં શ્રી બી.એચ.દવે, મદદનીશ વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર, શ્રી એચ.એન.પરમાર,રેન્જ ફોરેસ્ટ ઓફીસર, શ્રી એચ.જી. પાલનપુરા આસી. સુપ્રિ ઓફ ફીશરીઝ, જામનગર, શ્રી આર.એસ. ઠાકર, પી.એસ.આઈ, સલાયા, શ્રી મોહનલાલ સુપીટેન્ડેન્ટ, કસ્ટમ વિભાગ, સલાયા, શ્રી સાલેમામદ કરીમભાઈ ભગાડ, પ્રમુખશ્રી ઈકો ડેવલોપમેન્ટ કમિટિ અને સલાયા નગરપાલિકા, શ્રી મુસા અબ્બાસ સંઘાર, પ્રમુખશ્રી લોધી એસોસીયેશન સલાયા, જુમ્મા મસ્જીદ ઈમામ સાહેબ સલાયા, સૈયદ ગુલામબાપુ હુશેનબાપુ, સલાયા, સોશ્યલ સાયન્ટીસ્ટ શ્રી ચેતન સોજીત્રા, શ્રીમતી સોનલબેન વર્ણાગર, જુદી જુદી ઈકો ડેવલોપમેન્ટ કમિટિના પ્રમુખશ્રીઓ, મરીન નેશનલ પાર્ક, સલાયાનો ક્ષેત્રિય સ્ટાફ શ્રી જે.એચ.યુશુફજી, શ્રી એ.એચ.ફુલશેઠા, શ્રી હુસેનભાઈ, ગુજરાત ઈકોલોજી કમીશનના ફિલ્ડ સ્ટાફ તથા ખુબ જ બહોળી સંખ્યામાં માછીમાર સમુદાય હાજર રહેલ.

આ કાર્યક્રમની શરૂઆત શ્રી બી.એચ.દવે, મદદનીશ વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગરનાં સ્વાગત પ્રવચન દ્વારા કરવામાં આવેલ, ત્યાર બાદ આ શિબિરનુ મહાનુભાવો

દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત મદદનીશ મત્સયોધોગઅધિકારીશ્રી, પાલનપુરાના પ્રવચનથી કરવામાં આવેલ હતી. તેઓશ્રી એ માછીમારોને લગત વિવિધ યોજનાઓ તથા યોજનાથી થતા ફાયદાઓ વિશે જણાવ્યું હતુ. સાથો સાથ ફિશરીઝ એકટ,બોટનાં લાયસન્સ તથા રજીસ્ટ્રેશન અને માછીમારીનો વિસ્તાર વગેરે વિશેની માહિતી આપેલ હતી. માછીમારી કરતા ભાઈઓની વિવિધ સમસ્યાઓ તથા તેમને કાયદાને લગત પ્રશ્નોનું નિરાકરણ થયું હતુ. ત્યાર બાદ આ કાર્યક્રમને આગળ વધારતા સલાયાના પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી ઠાકર સાહેબે વિવિધ કાયદાને લગતું જ્ઞાન આપતા જણાવ્યું હતું અને કાયદાનું વ્યવસ્થિત પાલન કરવામાં આવે તેવો અનુરોધ પણ કરવામાં આવેલ. વધુમા જણાવ્યું કે, જેવી રીતે તમને સજા ભોગવવી નથી ગમતી તેવી રીતે અમને પણ સજા આપવી ગમતી નથી. પરંતુ માછીમાર તથા અન્ય લોકોની સલામતી માટેજ કાયદો અનિવાર્ય છે. આથી કાયદાનું પાલન જરૂરથી કરવુ. તેવી જ રીતે મુસ્લીમ સમાજના ધર્મગુરૂ ઈમામ સાહેબે ધર્મ તથા કાયદાને સાંકળીને દરિયાઈ જૈવ વૈવિધ્યતાના સંરક્ષણ તથા સંવર્ધન વિશે જણાવ્યુ હતુ. કાર્યક્રમને આગળ વધારતા મુખ્ય વન સંરક્ષકશ્રી કમ્બોજ સાહેબ દ્વારા "પરવાળા" એક સમૃઘ્ધ ધરોહર, બ્રોસરનું અનાવરણ કરવામાં આવ્યુ. ત્યાર બાદ આઈ.સી.ઝેડ.એમ.પી ના સોશ્યલ સાયન્ટીસ્ટ શ્રી ચેતન સોજીત્રા દ્વારા આઈ.સી.ઝેડ. એમ. પી. અંતર્ગત દરેક ગામમાં થતી એન્ટ્રી પોઈન્ટ એકટીવીટી વિશે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યુ તથા ઈકો ડેવલોપમેન્ટ કમીટી,સલાયામાં ચાલુ વર્ષે કરવામાં આવેલ એન્ટ્રી પોઈન્ટ એકટીવીટીની કામગીરીમાં માછીમાર સમુદાયને માછીમારી કીટ અને સોલાર લાઈટનું પગડીયા માછીમારભાઈઓને આવેલ મહાનુભાવોનાં હસ્તે વિતરણ કરવામાં આવ્યુ.

કાર્યક્રમના અધ્યક્ષ મુખ્ય વન સંરક્ષકશ્રી આર.ડી.કમ્બોજ સાહેબ દ્વારા દરિયાઈ જૈવ વૈવિધ્યતા વિશે તથા તેના સંરક્ષણ અને સંવર્ધન વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા અને આ દરિયાઈ જૈવ વૈવિધ્યતા સંરક્ષણમાં માછીમાર સમુદાયને સહકાર આપવા અનુરોધ કર્યો હતો. અંતમાં શ્રી બી.એચ.દવે સાહેબ દ્વારા આભારવિધિ કર્યા બાદ રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરેલ.

## દરિયાઈ જૈવિક વિવિધતા

શ્રી બી.કે.શીલુ, બોટ ડ્રાઈવર મરીન નેશનલ પાર્ક, જામનગર

સમુદ્રની ભવ્યતા અને વિવિધતા હંમેશા માનવમનને મોહ પમાડતી રહી છે. માનવજીવન વ્યવહાર અને પ્રાચીનતમ સંસ્કૃતિનો ખરો આધાર સ્તંભ સમુદ્ર છે. આજનું વિજ્ઞાન એ વાત કબુલે છે કે, ધરતી પરની જીવસૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિનો આધાર સમુદ્ર છે. આજે ભલે આપણે સમુદ્રથી હજારો હજારો માઈલ કેમ દુર રહેતા ન હોય, પરંતુ એ બધાના પુર્વજો અને આપણા પુર્વજો સમુદ્રમાંથી ઉદભવ્યા છે. પૃથ્વીના ૭૧.૪૩ % ભાગમાં સમુદ્ર પોતાની ભુજા ફેલાવીને પડયો છે. છતાં એ અંગેનું આપણું સમુદ્રી જ્ઞાન કેટલું ? ઘણા માટે સમુદ્ર માટેની ધારણ એ રહી છે કે, તેનું પાણી ખારુ ખારુ છે, તેમાં કેટલીક જાતની માછલીઓ અને મગરમચ્છો હોય છે આપણે બસ આટલું જ જાણીએ છીએ. ખરેખર તો સમુદ્રમાં જમીન પરની તુલનાએ કેવો જીવ નહીં હોય તેનો તાગ મેળવવો જોઈએ અને ત્યારે જ ખબર પડે છે કે, અહીં કોઈ જીવની કમી નથી. એટલી બધી જીવોની વિવિધતા અહીં ભરી પડી છે. સમુદ્રમાં ૨૦૦ મી.ની ઉંડાઈ સુધી જીવોની ભારે ભરમાર જોવા મળે છે. પરંતુ આપણાં સૌના આશ્ચર્ય વચ્ચે સમુદ્રના ૧૧૦૦૦ મી. નીચે સનાતન અંધકારમાં અને સેકડો ટનનું પ્રચંડ દબાણ ખમીને પણ હજારો જાતના જીવો નીચેના તળીયે જીવન જીવી રહયા છે અને તેની વંશ વૃધ્ધિ પણ કરી રહયા છે.તેને જ મોટું આશ્ચર્ય ગણવું રહે. તેને આટલી ઉંડાઈ એ પણ કુદરત ખોરાકનો પુરવઠો પુરો પાડી કમાલ જ કરી રહયો છે. સમુદ્રમાં હજારોની ગુણાંકમાં મુકી શકાય એટલી અધધધ જીવસૃષ્ટિ ભરી છે. જીવ વિજ્ઞાન તો એમ કહે છે કે, એક અબજ ઘન કી.મી. પાણી ધરાવતા સમુદ્રમાં જેટલી જાત ભાતના જીવો છે. એટલી જાતના જીવો જમીન પર પણ નથી. એટલે જ તો અહીં દરિયાઈ જીવસૃષ્ટિની જૈવવૈવિધ્યતા ભરી પડી છે. સમુદ્રની જલરાશિ એ માત્ર પાણીની જ ગણના કરવા જેવી નથી. એ પુરા રસાયણનો સમુહ છે. જેમાં કેલ્શીયમ, પોટેશીયમ, સલ્ફર, સોડીયમ, કલોરીન, મેગ્નેશિયમ, ફોસફરસ, બ્રોમીન, આયોડીન જેવા ૫૫ થી વધુ રસાયણોની મોજુદગી જોવા મળે છે.

જગતના સમુદ્રના પાણીમાં ઓછામાં ઓછું ઉષ્ણતાપમાન -૨ અંશ સે. અને વધુમાં વધુ + ૩ અંશ સે. એટલે કે, ૨૮ થી ૮૬

અંશ ફેરેનવીટ હોઈ શકે. આ ઉષ્ણતાપમાન જુદી જુદી જાતના જીવો અને વનસ્પતિ માટે આદર્શ વિકાસ પુરો પાડે છે.

સમુદ્રની જળરાશિમાં નરી આંખે ન દેખાતા વિષાણું અને જીવાણુંઓ છે, તો જગત આખાનું મહાકાય એવું પ્રાણી વ્હેલ પણ વસે છે, તો વળી કરોડરજ્જુ વગરનો જીવસૃષ્ટિમાં સૌથી મોટી આંખો ધરાવતો જીવ ''સ્કીવીડ'' પણ છે. આ ઉપરાંત પરવાળાની અનેક વિવિધ જાતો, સમુદ્રી ફુલ, જેલીફીશની અનેક જાતો, તારા માછલી, દરિયાઈ કાકડી, હજારો જાતની માછલી, સી અર્ચીન, ઓકટોપસ, રંગારો, કરચલા, કાચબા, શાર્ક, શંખ, છીપની લાખો જાતો, મગર, જીંગા, સી લાયન, સી એલીફન્ટ વગેરે નામોની યાદી બનાવીએ તો એક મહાગ્રંથનું નિમાર્ણ થઈ શકે એટલી લાંબી યાદી બની શકે. જેનો ટુંક સાર તો એ જ છે કે, સમુદ્રી ડુબકી દાવ લગાવનારા અનેક સમુદાય જોવા મળે છે. જેમ કે, મત્સ્યવંશ, સ્તનધારી, સરીસૃપ, મૃદુકાયવંશ, કવચધારીવંશ વગેરે જાતિની પ્રજાતિ ગણી ન શકાય એટલી છે. તો તે બધાની સંખ્યાનો તાગ કેવી રીતે મેળવી શકાય. અંતે તો એમ જ કહેવું પડે કે, જમીન પરની લાખો જાતના જીવોની વિવિધતાથી આપણે તાજુબ પામતા આવ્યા છીએ, તેનાથી તો કેટલાય ગણી જીવોની વિવિધતા અહી ભરી પડી છે.

સમુદ્રના ખુણે માનવ હજારો વર્ષોથી છબછબીયા અને ડુબકી દાવ લગાવી રહયો છે. સાત સમુદ્ર પાર વહાણો હંકારીયા છે અને એ દ્વારા આર્થિક અને સાંસ્કૃતિક સમૃધ્ધતા મેળવતું રહયો છે. વરસાદનો ખરો આધાર પણ સમુદ્ર છે. જીવ માત્રને જેનો ખપ પડે છે એવું મીઠું પણ સમુદ્રની દેન છે. શંખ છિપલા ઘરની શોભામાં અભિવૃધ્ધિ કરે છે તો ધર્મમાં દેવ સેવામાં શંખનું મહત્વ અનેરુ જ છે. મહામુલ્ય મોતીઓને આભુષણો અને માળામાં કંડારવામાં આવ્યા છે. ગઈ કાલ સુધી મોતી, શંખ, કોડી ને આપણે ચલણી સિકકાની માફક વિનિમય કરતા હતા. વહાણવટા ખેડનારાને દરિયાલાલા એ ન્યાલ કર્યા છે. આ તેની દરિયાદિલી છે ને અને આમેય દરિયાને ઈશ્વરનું સ્વરૂપ ગણવામાં આવ્યુ છે. આજે તેને ''દરિયાપીર'' પણ કહેવામાં આવે છે.

આજ ના આધુનિકયુગમાં ઔધોગિક ક્રાંતિની આંધળી દોટમાં સમુદ્ર સૃષ્ટિને કોઈ ક્ષતિ, ભય, ખતરો ઉભો ન થાય એ જોવું રહયુ. કુદરત ની બેનમૂન કલાબાજી સમુ આ મહામુલુ મોતી કદાચ હાથથી સરી ન જાય એની નિરંતર ચિંતા આપણે કરવાની છે. ચાલો આપણે પણ માનવ પરંપરા સાથે, માનવ સંસ્કૃતિ સાથે, ઔષધિ સાથે, ઈતિહાસ સાથે, જીવન વ્યવહાર સાથે, સાહિત્ય સાથે તથા તેલના ભંડારો સાથે સંકળાયેલી આ ધરોહરને કાયમ સમૃધ્ધ રાખવામાં સહિયારો સહયોગ પુરો પાડીએ અને ખરા અર્થમાં ''રત્નાકર'' બનાવી રાખીએ, જે આપણાં સૌના હિતમાં છે.

**આપના સુચનો તથા અભિપ્રાય માટે સંપર્ક કરો**

**મુખ્ય વન સંરક્ષક**

**દરિયાઈ રાષ્ટ્રિય ઉદ્યાન, નાગનાથ ગેટ પાસે, વન સંકુલ, જામનગર.**

**ફોન : (૦૨૮૮) ૨૬૭૯૩૫૭, ફેક્સ : (૦૨૮૮) ૨૭૭૦૧૬૧**

**પ્રતિ,**

PQC, www.pqcindia.com